પૂર્વછાયો- કહું જન બુદેલખંડી, સમજયા સાચી વાત ।
પરોક્ષપણે જે પ્રિછતા, તે જાણ્યા હરિ સાક્ષાત ॥૧॥
તેણે આનંદ આવિયો, વળી ભાવિયો સતસંગ ।
દર્શન કરી દયાળનાં, ચડી ગયો ચિત્તમાં રંગ ॥૨॥
રૂડે ભાવે રસોઇ કરાવી, હરિજને જમાડ્યા નાથ ।
અત્તર ચંદન હરિને અંગે, હરિજને ચરચ્યું હાથ ॥૩॥
પ્રેમેશું પૂજા કરી, વળી પહેરાવ્યો પોષાગ ।
ધુપ દીપ ને આરતી, કર્યાં દંડવત અષ્ટાંગ ॥૪॥
અલભ્ય લાભ લઈ કરી, થયા પૂરણકામ ।
એવા જન અનઘનાં, હવે કહું સાંભળો નામ ॥૫॥

ચોપાઇ- દ્વિજ ભક્ત છે ભાઈ વખત, જાનકી શ્રીરામ ને શ્રીપત ।

નથુ હઠીરામ છોટારામ, આશારામ દ્વારામ નામ ॥૬॥
માંડણ મુળચંદ મરાખન, ગણેશ પરમેસરી જન ।
રામદાસ ને કૃષ્ણ ઝુલારી, ભોલારામ દોલતિયા દુલારી ॥૭॥
વિહારીલાલ ને બંસીધર, મદનસિંઘ દો મોતી સુંદર ।
રાજારામ ને દો રતિનામ, કનહિરામ કહીએ દો નામ ॥૮॥
ખુમાનરામ નવનસિંગ, કેશરી રામતુલસી અનઘ ।
ઠાકુરદાસ દોય તુરત્યરામ, ગોવિંદદાસ ને ગુમાન નામ ॥૯॥
બાજી રાઓ ને ધરમપાળ, પેજા રામાદિ દ્વિજ દયાળ ।
એહ આદિ છે ભક્ત ભાઈ, હરિજન છે ઠકુરૂ બાઈ ॥૧૦॥
હવે કહું જાટ હરિજન, પ્રભુ ભજી જે થયા પાવન ।
દિલિપસિંઘ માધોસિંઘ નામ, પારસિંઘ ને લાલજીરામ ॥૧૧॥
ગિરધારી ગંગારામ કહીએ, સુખરામ સોનેસિંઘ લહીએ ।
બહોરનસિંઘ આદિ ભાઈ, ખરા ભક્ત એ ક્ષત્રિયમાંઈ ॥૧૨॥
હરિજન બાઈ બા વખતિ, ઉમેદિબાની અચળમતિ ।
એહ જન મોટાં જાટમાંઈ, હરિ ભજી ને કરી ભલાઈ ॥૧૩॥
ઘણા ભક્ત છે ગુજરમાંઈ, જેને પ્રભુ વહાલા ઉરમાંઈ ।
વૈશ્ય જાતિમાં મોટા ભગત, સુંણો તેનાં નામની વિગત ॥૧૪॥
ગોવિંદરામ ને હીરારામ, ભક્ત દુલારી દોયે અકામ ।
લુનેરામ બુધ્ધજી અમૃજી, સાહેબરામ માણક્ય માનજી ॥૧૫॥
દીપશા ઝવેર પ્રાનસુખ, રામલાલ હરિ સનમુખ ।
એહ ભક્ત કહ્યા વૈશ્ય જાતિ, હવે સાંભળજ્યો સોની નાતિ ॥૧૬॥
નથુ માનજુ ને સરૂરામ, ઠાકુરદાસ ભક્ત બંસીનામ ।
તેલિ ભક્ત ગોવિંદજી કહીએ, જન બુધ્ધજી આદિ તે લહીએ ॥૧૭॥
ભક્ત તંબોળી ફકીરા નામ, નાથુ હિરા કહીએ દેવીરામ ।
કણબી ભક્ત છે નામ પૂરણા, એહ આદિ છે ભક્ત તે ઘણા ॥૧૮॥
સર્વે વસે એ સાંખની ગામ, ભજી હરિ કર્યું નિજકામ ।
દ્વિજ લછમન ભોળા ભાઈ, વસે ગામ તે સાહનમાંઈ ॥૧૯॥

ધન્ય ગામ દવારાના દાસ, જેને એક હરિની છે આશ ।
ક્ષત્રિ ભકત છે રાઓત નામ, હરિસિંઘ ને બોવદરામ ॥૨૦॥
સુખપાલ માણક્ય નથન, પ્રાણસિંઘ ભીમજી ઢુંઢન ।
હિંદુરામ હરિપાળ કહીએ, ઘાશીરામ ને દલિલ લહીએ ॥૨૧॥
છતુરામદાસ ઉમરાવ, હાથીરામ દેવજીને ભાવ ।
કમળજી ને ખુમાનસિંઘ, ઠાકુરરામ ઢાંકન અનઘ ॥૨૨॥
સુતાન આદિ સતસંગી ભાઈ, હવે કહું હરિજન બાઈ ।
બાઈ હરિકુંવર વચનાં, મરજાદ જેકુંવર ઢુંનાં ॥૨૩॥
કાયથ દિલીપસિંઘ કહીએ, દ્વિજ લછમનાદિ જન લહીએ ।
એહાદિ ભક્તિ પ્રભુની કરે, વસે દાસ હરિના દવારે ॥૨૪॥
ભકત કાયથ તે છોટેરામ, સોનેરામ ને લાલજી નામ ।
પવિત્ર ભકત પ્રપેટ ગામે, જેણે ભજયા હરિ નિષ્કામે ॥૨૫॥
ધન્ય ધન્ય દેશ પંચમહેલ, કહું જન જે તેમાં વસેલ ।
ગુજર ઠાકર છે હરિસિંઘ, કાશીરામ છે ભકત અનઘ ॥૨૬॥
રાજસિંઘ ચંદ્રહંસ નામ, અમરસિંઘ ને તુલસીરામ ।
બુધ્ધસિંઘ અખેસિંઘ અમલ, આનંદસિંઘ ને રામફલ ॥૨૭॥
પરશુરામ કરણસિંઘ કહીએ, સોબતસિંઘ જોધારામ લહીએ ।
રૂપસિંઘ કૃષ્ણદાસ જેહ, બાલચંદ્ર ઈંદ્રજીત તેહ ॥૨૮॥
એહ આદિ ગુજર અપાર, રહે જન ગામ ધ્રોરા મોઝાર ।
ભકત ગુજર છે રાજારામ, બુધ્ધસિંઘ ને લછમન નામ ॥૨૯॥
બાઈ સુમેદા વિચિત્ર ધનું, પાંચુ પિરાનું બાઈ રતનું ।
જન સુજાન આદિ છે બાઈ, રહે ગામ એ રજારીમાંઈ ॥૩૦॥
ભકત કાયથ ઝવેર નામ, ગોરેલાલ જન જોધારામ ।
દાસ દુલારી નામ ઉચરિયે, એહ આદિ રહે ગામ ખરીયે ॥૩૧॥
ગુજર ભકત કલ્યાણ કહેવાય, જન નવલ ને ગાજી સાય ।
એહ ભકત રહે ગામ જતતિ, ભજે હરિ ફરે નહિ મતિ ॥૩૨॥
દ્વિજ ભકત એક નથુરામ, રહે બરકીસરાયે ગામ ।

ભક્ત અર્જુન એક છે નાઇ, રહે ગામ ચિતોરા તે માંઇ ॥૩૩॥
વૈશ્ય ભવાની ને ભોલેરામ, છોટેરામ બાગબહિ ગામ ।
જાટ ભક્ત બુધ્ધસિંઘ જાણો, દરિયાઓ સિંઘ પરમાણો ॥૩૪॥
બાદરસિંઘ ને ઈશ્વરદાસ, ઠાકુરદાસ ભજે અવિનાશ ।
ધનસિંઘ ગણેશ ભવાની, ધર્મપાળ જ્ઞાનસિંઘ જ્ઞાની ॥૩૫॥
નાથુ ગોવિંદ ઈશ્વર ભાઇ, તુલસી રહે ગામ મેનામાંઇ ।
ગામ હરશિમાં હરિજન, કાયથ નંદલાલ પાવન ॥૩૬॥
મદારી રામસિંઘ અમાના, મંગળ ખુશિયાલ ભવાના ।
મનસુક મુલા ને નથુવા, દોલતિય કૃષ્ણાજુ કલુવા ॥૩૭॥
બુધા સિતા આદિ બહુ બાઇ, સ્વરૂપી ફુલિયા પંજોબાઇ ।
બાઇ નેનુ દિપુ આદિ જન, વસે ગામ હરશિયે પાવન ॥૩૮॥
ભક્ત લુવાર કૃષ્ણ નિદાન, વસતા બદના હરિજન ।
વૈશ્ય ગુલાબ ને કૃષ્ણદાસ, ભજી હરિ તજી જગત્રાસ ॥૩૯॥
ભાઇ ભક્ત મનિ રાજારામ, એહ પણ રહે હરશિ ગામ ।
ભક્ત લુવાર છે ઘાશીરામ, ક્યારી ને નારાયણ નામ ॥૪૦॥
રામફલ વલુવા ગણેશ, ગઢુબા હરિ ભજે હમેશ ।
ભોઇ ભક્ત ને કલુવા કહીએ, જન નાઇ ગુંગચિયા લહીએ ॥૪૧॥
એહ આદિ જેહ બાઇ ભાઇ, રહે ગામ મગરોનીમાંઇ ।
એહ આદિ જન બહુ જાણો, દેશ પંચમહેલે પરમાણો ॥૪૨॥
પામી અનેક પરચા આપ, જાણ્યા હરિ થયો મનથાપ ।
ઘણા જન રહે ગંગાપાર, ભજે નારાયણ નરનાર ॥૪૩॥
ધનહરા ને ધર્મના મોળા, એવા જીવ બીજા જીયાં બોળા ।
એવા દેશમાં કરી નિવાસ, ધન્ય જે જે કાવ્યા હરિદાસ ॥૪૪॥
એહ જનનાં સાંભળો નામ, હરિ મળી બેઠાં ઠરિઠામ ।
દ્વિજભક્ત કહીએ ચંદિલાલ, ભજી નારાયણ થયો નિહાલ ॥૪૫॥
હરિજન ખુશિયાલદાસ, રામદિનને થયો સમાસ ।
ઠાકુરદાસ ને ચુડામણ, રહે લથિપનગર બ્રાહ્મણ ॥૪૬॥

ભકત અગરવાલ વણિક, વેણીરામ નામે જન એક ।
લાવ્યો શ્રીહરિ સારુ પોશાગ, ઝીણો જામો ને મુગલી પાઘ ॥૪૭॥
તે ધારી હરિએ હેત કરી, જને જોયા તે નયણાં ભરી ।
નિર્ખિ નાથ લીધો જેણે લાઉ, એહ જન રહે લખનાઉ ॥૪૮॥
કહું વછઘોશ દેશવાસી, અતિ ઉત્તામ ને વિશવાસી ।
સાધુ સ્વભાવ અંતરે અતિ, કેદિ ધર્મથી ન ચળે મતિ ॥૪૯॥
એવા જન નિરમળ જાણી, કહું નામ તેનાં હું વખાણી ।
દ્વિજભક્ત છે હરગોવિંદ, નિરખિ નાથ ને પામ્યો આનંદ ॥૫૦॥
તેનો છે પવિત્રા પરિવાર, સરવેને સ્વામીનો આધાર ।
ભાવે ભક્તિ પ્રભુજીની કરે, બહુ બાઇ ભાઇ રહે ડેહરે ॥૫૧॥
દેશ ગામ નામ લખી જાત્ય, છે અપાર કહું હું શી વાત ।
ભૂતકાળની મેં નથી ભાખી, નથી ભવિષ્યની લખી રાખી ॥૫૨॥
વર્તમાન કાળની મેં કહી, તે પણ યથારથ નથી થઈ ।
જેમ કપિ વાવરતાં ધન, પળે પળે સંકોચાય મન ॥૫૩॥
તેમ કહી છે થોડામાં વાત, સત્ય માની લેજ્યો મારા ભ્રાત ।
જેમ અર્ણવે લહરી અપાર, નવી નિપજે ન આવે પાર ॥૫૪॥
તેમ હરિ થકી હરિજન, નવા નિપજે છે નિશદન ।
તેને લેખીને લખવા જાય, એવું તો કેદિયે ન મનાય ॥૫૫॥

પૂર્વછાયો- કૂપદાદુર કૂપનો, ભાઇ કુદી પામે પાર ।
પણ સરે જાતાં સાહેરને, લાગે લગારેક વાર ॥૫૬॥
તેમ સતસંગ સાગર, ભર્યો છે ભરપૂર ।
તેનો જે જન પાર લેવા, જાય તે મતિ ભૂર ॥૫૭॥
એક જીભે જનનાં, નોય નામનો નિરધાર ।
સહસ્રજુગ જીભે શેષજી, નથી નથી પામતા પાર ॥૫૮॥
કોયક નર આકાશનો, વળી લેવા ઇચ્છે અંત ।
પણ અનળ તે ઓરાં રહે, જે બહુપાંખે બળવંત ॥૫૯॥
તેમ સતસંગ સરવે, છે જો અનંત અપાર ।

કવિ અંડજ ઉડે ઘણું, પણ અંત્યે પામે હાર ॥૬૦॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે હિન્દુસ્થાનના હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને સતાવિશમું પ્રકરણમ્ ॥૧૨૭॥